# આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની આજે ભારે ઉત્સાહ વચ્ચે શરૂઆત

## સાબરમતી રિવરફ્રન્ટ ખાતે મોટી સંખ્યામાં દેશ વિદેશના પતંગબાજો પહોંચશે પતંગબાજો દ્વારા માર્ચપાસ્ટ કરાશે : મોદી થીમ પવેલિયનની મુલાકાત લેશે

અમદાવાદ, તા.૧૧

જેની ઉત્સુકતાપૂર્વક પતંગબાજો પણ રાહ જોઈ રહ્યા છે તે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો આવતીકાલથી પ્રારંભ થનાર છે. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે ૯.૦૦ વાગ્યે ઉદ્‌ઘાટન કરશે. આ વર્ષે પતંગ મહોત્સવ આઠ દિવસ સુધી ચાલશે. રિવરફ્રન્ટ ખાતે થીમ પવેલિયન અને સાંસ્કૃતિક કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. આ પતંગમહોત્સવની સાથે સાથે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે અનેક આકર્ષણો રાખવામાં આવ્યા છે જેમાં આદિત્ય સ્તુતિ, સૂર્યનમસ્કાર, થિમ પવેલિયનનો સમાવેશ થાય છે.

રાજ્ય સરકાર અને પ્રવાસન વિભાગ દ્વારા દર વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે અને દેશ વિદેશના લોકો આ ઉત્સવમાં સહભાગી બને છે. ગુજરાતના આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં માત્ર દેશના જ નહીં બલકે વિદેશના પ્રવાસીઓ આકર્ષિત થાય છે. પતંગોત્સવમાં ભાગ લેવા માટે મોટી સંખ્યામાં વિદેશીઓ પહેલાથી જ આવી પહોંચ્યા છે. ગુજરાતમાં પતંગ ઉત્સવનું આંતરરાષ્ટ્રીય કક્ષાએ આયોજન થતા આ દિવસો દરમ્યાન રાજયમાં વિદેશ પ્રવાસીઓની સંખ્યામાં સારો એવો વધારો જોવા મળે છે. રાજ્ય સરકાર અને પ્રવાસન વિભાગના આ પ્રકારના સફળ આયોજનથી રાજ્યનું અર્થતંત્ર પણ વધુ મજબુત બન્યું છે એટલું જ નહીં પતંગ બનાવીનો પોતાનું ગુજરાન ચલાવનાર ધંધાર્થીઓની પણ આર્થિક સ્થિતિ સુધરી છે અને અન્ય આનુષંગિક રોજગારીની તકોમાં પણ વધારો થયો છે.

આ વર્ષે પતંગ ઉત્સવ ૧૪ જાન્યુઆરી સુધી ચાલનાર છે. જેમાં રાજ્યના પતંગબાજો સાથે દેશ વિદેશનાં પતંગબાજો પણ પોતાનું કૌશલ્ય ઝળકાવશે. આ પતંગ ઉત્સવના ભાગરૂપે આજે સાબરમતી રીવરફ્રન્ટ ખાતે થીમ પેવેલીયનનું ઉદઘાટન કરવામાં આવ્યુ હતુ અને કાર્યક્રમો રજુ કરાયા હતા. આ જ સ્થળે તા. ૧૨-૧-૧૪ના રોજ સવારના ૯:૦૦ કલાકે રાજ્યના મોદી પતંગ મહોત્સવ-૨૦૧૪નું ઉદઘાટન કરશે અને પતંગબાજોના ઉત્સાહને વધારશે. મુખ્યમંત્રી થીમ પેવેલીયનની અને અન્ય સુવિધાઓની મુલાકાત લેશે.

આ પ્રસંગે યોજાયેલા સમારોહમાં ભાગવત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ દ્વારા આદિત્ય સ્તુતિ પ્રસ્તુત કરાશે. સૂર્યની સ્તુતિની સાથે ૨૦૦૦ વિદ્યાર્થીઓ દ્વારા સૂર્ય નમસ્કાર સ્વરૂપે અંગ કસરતના કરતબો રજુ કરાશે. આ પ્રસંગે દેશ-વિદેશના વિવિધ પતંગબાજો દ્વારા માર્ચ પાસ્ટ પણ કરવામાં આવશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ પતંગની થીમ પણ આપણી સંસ્કૃતિની ઝલક સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા રજુ થશે.

## ગામની સીમમાં દારૂની મહેફિલ માણતા ત્રણ ઝડપાયા

દાંતીવાડા, તા.૧૦

દાંતીવાડા તાલુકાના રાવળવાસ ગામે ગામની સીમમાં દારુની બેઠક જમાવી બેઠેલા ત્રણ ને પોલીસે ઝડપી લીધા છે અને આ મામલે ત્રણેય સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ આજ રોજ સવારે ૧૧ વાગ્યાના સમયે રાવળવાસ ગામે સરકારી જમીનની માપણી કરવાની હોઈ પાંથાવાડા પીએસઆઈ એ.જે. દાલસાણીયા પોલીસ સ્ટાફ સાથે રાવળવાસ ગામે પહોંચ્યા હતા તે સમયે ગામમાં જતા રસ્તાની બાજુએ આવેલી ઝાડીઓમાં કૌશિકકુમાર રામ સ્વરૂપ સોની રહે. વંદના સોસાયટી, પાલનપુર, ભરતભાઈ, ભીખાભાઈ રાવળ અને ઈશ્વરભાઈ જગમાલભાઈ રાવળ બંને રહે વજાપુર, ભાભર જેઓને પોતાની જીજે-૮૧-૪૫૦૧ મોટર સાયકલ લઈ ઝાડીઓમાં દારુની મહેફીલ માણી રહ્યા હતા તે સમયે પોલીસ પોતાના અગાઉના કાર્યક્રમ મુજબ માપણીના પ્રોટેકશનમાં પહોચી હતી પણ બદનસીબે દારુની મહેફિલ માણતાં ત્રણ નબીરાઓને ઝડપી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.



ગુજરાત વિદ્યાપીઠ સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા મોતીપુરા ગામની પ્રાથમિક શાળામાં સ્વામી વિવેકાનંદ જયંતિ ઉજવવામાં આવી હતી. કાર્યક્રમ અંતર્ગત વિવેકાનંદજીના જીવન વિષય પર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. તેમજ વ્યસન મુક્તિની ફિલ્મ બતાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ડૉ. નીરજ સિલાવટ, પ્રો. રમેશભાઈ પટેલ અને ડૉ. જમનાદાસ સાવલિયા ઉપસ્થિત રહ્યા હતા.

## બાયસેગમાં ઉપલબ્ધ સવલતોની સ્થળ મુલાકાત લઈ ઉપયોગ કરવા વિભાગોને સૂચના અપાઈ

ગાંધીનગર, તા. ૧૧

સચિવાલયના વહીવટી વિભાગોને બાયસેગ ખાતે ઉપલબ્ધ સવલતોની સ્થળ મુલાકાત લેવા માટે સૂચનાઓ આપવામાં આવી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં ઉચ્ચ કક્ષાએ મળેલી એક બેઠકમાં એવું જણાવાયું હતું કે રાજ્ય સરકારની બાયસેગ સંસ્થામાં ઉપલબ્ધ સવલતોનો પૂર્ણપણે ઉપયોગ થતો નથી.

બાયસેગ ખાતે બે ચેનલો ઉપલબ્ધ છે. આ ચેનલનો એક દિવસમાં ૧૦ કલાકનો વપરાશ ગણતરીમાં લેતાં વર્ષના ૨૫૦ દિવસ ગણતરીમાં લઈએ તો વાર્ષિક એક ચેનલનો ૨૫૦૦ કલાક ઉપયોગ થઈ શકે આમ બે ચેનલો મળીને ૫૦૦૦ કલાક ઉપયોગ કરી શકાય. હાલમાં આ બન્ને ચેનલો મળીને ૩૯૧૨ એટલે કે આશરે ૪૦૦૦ કલાક જેટલો ઉપયોગ થાય છે. જે બન્ને ચેનલોની મળીને કુલ ક્ષમતાના ૮૦ ટકા જેટલો છે. બાકીની ૨૦ ટકા ક્ષમતાનો શિક્ષણ આરોગ્ય ગૃહ મહિલા અને બાળ વિકાસ સામાન્ય વહીવટ શ્રમ અને રોજગાર વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી બંદરો અને મત્સ્યોદ્યોગ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિગેરે ક્ષેત્રોમાં ઉપયોગ થઈ શકે એવું સૂચન વિજ્ઞાન અને પ્રોદ્યોગિક વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.

બાયસેગ ખાતે ઉપલબ્ધ સવલતોનો પૂર્ણતઃ ઉપયોગ થાય તે સાથે બાયસેગ દ્વારા જે કાર્યવાહી થઈ રહી છે તેની ગુણવત્તાના સુધારાને પણ અવકાશ હોવાનું સરકારે જણાવ્યું હતું. આ ઉપરાંત આયોજન પ્રભાગ હેઠળ કાર્યરત સોશ્યલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ સોસાયટી દ્વારા બાળસેગ થકી હાથ ધરાયેલ કાર્યવાહીની ગુણાત્મક ચકાસણી થાય તે દિશામાં વિચારવામાં આવે તેવું પણ સૂચન કરવામાં આવ્યું હતું.

દરેક વિભાગો કોઈને કોઈ રીતે સામાજીક ઉત્થાનમાં કાર્ય સાથે સંકળાયેલા છે. તે જોતાં દેક વિભાગોએ બાયસેગ સવલતોનો કઈ રીતે ગુણાત્મક અને સંખ્યાત્મક સુધારો લાવી શકાય તે વિચારવા પણ વિભાગોને સૂચનાઓ આપવામાં આવી છે.

આ માટે રાજ્ય સરકારે સચિવાલયના વહીવટી વિભાગો બાયસેગ ખાતે ઉપલબ્ધ સવલતોની સ્થળ મુલાકાત લે તે જરૂરી છે એવું મંતવ્ય વ્યક્ત કરીને બાયસેગમાં ઉપલબ્ધ સવલતોનો મહત્તમ ઉપયોગ કરવા વિભાગોને સૂચના આપવામાં આવી છે.

## વાદળછાયુ વાતાવરણ વચ્ચે શહેરભરમાં પણ તીવ્ર ઠંડી

અમદાવાદ,તા. ૧૧

અમદાવાદમાં આજે લોકોએ તીવ્ર ઠંડીનો અનુભવ કર્યો હતો. સામાન્યરીતે ઉત્તરપૂર્વથી ફૂંકાઈ રહેલા નીચલી સપાટી પરના પવનોના કારણે લોકોએ ઠંડીનો અનુભવ કર્યો છે. અમદાવાદમાં આજે લઘુત્તમ તાપમાન ૧૦.૪ ડિગ્રી નોંધાયુ હતુ જ્યારે રાજયમાં સૌથી ઓછુ તાપમાન નલિયામાં ૫.૪ ડિગ્રી નોંધાયુ હતુ. ડિસા, વલસાડ, અમરેલી, ભૂજમાં તીવ્ર ઠંડીનો લોકોએ અનુભવ કર્યો હતો. આવતીકાલે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રીની આસપાસ રહે તેવી શકયતા છે. ગઈકાલની સરખામણીમાં તાપમાનમાં વધારો થયો હતો પરંતુ આજે લોકોએ વધારે ઠંડીનો અનુભવ કર્યો હતો. વાદળછાયા વાતારવણના કારણે લોકોએ વધારે ઠંડીનો અનુભવ કર્યો હતો.

સમગ્ર દેશની સાથે સાથે ગુજરાતમાં પણ તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યુ છે. આજે અમદાવાદમાં ઠંડા પવનો વચ્ચે લોકોને સવારથી જ વધારે ઠંડીનો અનુભવ થયો હતો. સૌરાષ્ટ્ર-કચ્છના જુદા જુદા ભાગોમાં કોલ્ડ વેવની સ્થિતિ જોવા મળી રહી છે. જમ્મુ કાશ્મીરના જુદા જુદા ભાગોમાં હિમવર્ષા થઈ છે. હવામાન વિભાગ તરફથી તાપમાનમાં ઘટાડો થવાની કોઈ પણ ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ તાપમાનમાં હજુ ઘટાડો થઈ શકે છે. ઉત્તરાયણ સુધી લોકોને ઠંડીનો અનુભવ થશે. કેટલાક જાણકાર લોકોનું કહેવુંછે કે ઉત્તરાયણ બાદ ઠંડીમાં ઘટાડાની શરૂઆત થશે. હાલમાં મચ્છરજન્ય રોચચાળાના કેસ પણ નોંધાયા છે. આજે રાજ્યમાં નલિયામાં સૌથી ઓછુ ૫.૪ ડિગ્રી તાપમાન રહ્યુ હતુ.

## શિક્ષિત વર્ગ પણ આજે કૃષિ ક્ષેત્રે જોડાય તે સમયની માંગ

### ખેડૂતોની નિરક્ષરતાની ખેતીને નિષ્ફળ બનાવવામાં ભૂમિકા જમીનની ફળદ્રુપતાનું જ્ઞાન અને વૈજ્ઞાનિક સંશોધન જરૂરી

અમદાવાદ, તા.૧૧

ગ્રામ વિકાસ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે કૃષિનો વ્યવસાય એ વરસાદ-વાતાવરણ-બીજ-બજાર એમ અનેક પાસાઓ પર આધારિત વ્યવસાય છે. સાથે સાથે ખેડૂતોની નિરક્ષરતા પણ ખેતીને નિષ્ફળ બનાવવામાં મોટો ભાગ ભજવે છે ત્યારે ખેતી માટે જરૂરી પાણી-ખાતર-બિયારણ જમીનની ફળદ્રુપતાનું જ્ઞાન તથા ખેતી ક્ષેત્રે થતા વૈજ્ઞાનિક સંશોધનો અને અદ્યતન ખેતી પદ્ધતિનો સમન્વય કરી વધુ ઉત્પાદન મેળવી શકાય છે અને એટલા જ માટે શિક્ષિત વર્ગ પણ કૃષિ ક્ષેત્રે જોડાય તે સમયની માંગ છે, એમ તેમણે ઉમેર્યું છે. આઈઆઈએમ, અમદાવાદ ખાતે યોજાયેલ ફુડ, એગ્રી બિઝનેસ રૂરલ સમિટ બે દિવસીય કાર્યશાળાને ખુલ્લી મુકતા મંત્રીએ જણાવ્યું હતું કે, આપણો દેશ કૃષિ પ્રધાન દેશ અને અને આપણું અર્થતંત્ર પણ કૃષિ આધારિત છે જ્યારે કૃષિ પશુ ઉત્પાદન વિકાસના નવા આયામો સર્જશે. મંત્રીએ ગુજરાતમાં કૃષિ ઉત્પાદનનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે, ગુજરાતે છેલ્લા આઠ વર્ષોથી કૃષિ મહોત્સવ યોજતું આવ્યું છે અને તેમાં કૃષિ વૈજ્ઞાનિકોના જ્ઞાન માર્ગદર્શનના કારણે રાજ્યનું કૃષિ ઉત્પાદન ૯ હજાર કરોડથી વધીને ૧ લાખ કરોડે પહોંચ્યું છે. ગુજરાતે કૃષિ ક્ષેત્રે જરૂરીયાત મુજબના ખાતર-પાણીના ઉપયોગ અને ટપક સિંચાઈ પદ્ધતિને પણ વ્યાપક બનાવી છે અને તેના સારા પરિણામો પણ ગુજરાતને મળ્યા છે. આ પ્રસંગે કૃષિક્ષેત્રના નિષ્ણાંતો, આ ક્ષેત્રે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સ્થાપત્ય કલા શિક્ષણના ભાવિ મામલે ટેકનિકલ સત્ર યોજાયું

ગુજરાતના યુવાધનને વૈશ્વિક કક્ષાનું ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે અને શિક્ષણ ક્ષેત્રે રહેલાં પડકારો તથા અવસરો અંગે વિચાર-વિમર્શ કરવાના ઉદેશ્યથી ગુજરાતના શિક્ષણ વિભાગ દ્વારા યોજાઈ રહેલ રાષ્ટ્રીય શિક્ષણ સંમેલન અંતર્ગત આજે સ્થાપત્ય કલાના શિક્ષણના ભવિષ્ય અંગે સેપ્ટ યુનિવર્સિટી ખાતે એક ટેકનીકલ સત્ર યોજાયું હતું.

સેપ્ટ યુનિવર્સિટીના પ્રેસીડેન્ટ બિમલ પટેલે જણાવ્યું કે, ટેકનોલોજીમાં બદલાવ સાથે સ્થાપત્ય કલામાં માતબર ફેરફારો આવ્યા છે. આ સાથોસાથ ટેકનોલોજી પણ નાવિન્યપૂર્ણ બની રહી છે. તદઉપરાંત ગ્રાહક જરૂરીયાતો બદલાતા ઝડપથી ડિઝાઈન બદલવી પડે છે. બિલ્ડીંગ પહેલા સાત વર્ષમાં બનતી હતી તે આજે એક વર્ષમાં તૈયાર થાય છે તેમ જેથી અર્થતંત્ર પર દબાણ આવે છે તેમ તેમણે જણાવ્યું હતું.

છેલ્લા બે દાયકામાં સ્થાપત્ય ક્ષેત્રે બદલાવને કારણે વેપારનાં પરિણામો પણ બદલાઈ ગયા છે તેમ તેમણે ઉમેર્યું હતું. આર્કિટેકચરલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ પ્રો. ઉદય ગડકરીએ જણાવ્યું કે, સ્થાપત્યક્ષેત્રે જે નવિનતા આવી છે તથા નવી માંગ ઉભી થઈ છે તેને પહોંચી વળવા નવું કુશળ માનવબળ તૈયાર કરવું પડશે. કુશળ માનવબળ તૈયાર કરવા નવી સ્થાપત્યકલાની કોલેજો ખોલવી અનિવાર્ય છે પરંતુ સાથો સાથ માત્ર રોજગારલક્ષી નહીં પણ સ્થાપત્ય ક્ષેત્રે કાંઈક નવિનતા બક્ષી શકે તેવું માનવબળ તૈયાર કરવું તે આજના સમયનો મોટો પડકાર છે તેમ જણાવી તેમણે ગુણવત્તાસભર માનવબળની જરૂરીયાત પર ભાર મુક્યો હતો.

ઈગ્લેન્ડની શેફીલ્ડ યુનિવર્સિટીના સ્થાપત્ય વિષયના શિક્ષણકાર તાતજાના સ્નાઈડરે ઈગ્લેન્ડના સ્થાપત્યક્ષેત્ર તથા શૈલીની વિગતવાર રૂપરેખા આપી હતી તથા ભવિષ્યને ધ્યાનમાં રાખીને જરૂરી બદલાવ માટે સ્થાપત્યકારોએ તૈયાર રહેવું જોઈએ તેવી શીખ આપી હતી. આ તકે ક્રિસ્ટોફર બીનીગરે સ્થાપત્ય ક્ષેત્રની વર્તમાન સ્થિતિ તથા ભવિષ્યની તકો વિષે વાત કરી સ્થાપત્યક્ષેત્રના પડકારોને કેવી રીતે પહોંચી વળાય તે માટેના માર્ગદર્શક સૂચનો કર્યા હતા.

## ઘરફોડ અને વાહનચોરીમા સામેલ બે શખ્સો ઝડપાયા

અમદાવાદ, તા.૧૧

અમદાવાદ શહેરમાં જુદા જુદા પ્રકારના ગુનાઓમાં વધારો થઈ રહ્યો છે ત્યારે પોલીસ પણ સક્રિય થઈ ગઈ છે. તીવ્ર ઠંડીમાં ચોર ટોળકી પરિસ્થિતિનો લાભ ઉઠાવી ગુનાઓ આચરી રહી છે. હવે પોલીસે મોરચા સંભાળી વધુ બે શખ્સોની ધરપકડ કરી છે. આ બંને શખ્સો ઘરફોડ, વાહનચોરી અને ચેઈન સ્નેચિંગના ગુનાઓમાં સામેલ રહ્યા છે. તેમની પુછપરછ હાથ ધરાઈ છે. ક્રાઈમબ્રાન્ચની ટીમે ઘરફોડ, વાહનચોરી અને સંખ્યાબંધ ચેઈન સ્નેચીંગ કરી હાહાકાર મચાવનાર બે શખ્સોને અંતે ઝડપી પાડવામાં સફળતા મળી છે. ક્રાઈમબ્રાન્ચની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમ્યાન બાતમી મળતા આરોપી દિનેશ પિતાંબર મહાજન (ઉ.૨૭) (રહે. ૧૯, ઓમનગર એપાર્ટમેન્ટ, અમરાઈવાડી), શૈલેન્દ્ર ઉર્ફે શૈલુ માનસિંગ રાજપૂત (ઉ.૨૨) (રહે. શક્તિ કોલોની, અર્બુદાનગર, ઓઢવ)ને ઢાળની પોળ ખાતેથી ત્રણ ચેઈન સાથે પકડી પાડ્યા છે. આરોપીઓની પૂછપરછ હાથ ધરતા ઘરફોડ ચોરીના બનાવો અને અંદાજે આઠ ચેઈન સ્નેચીંગના બનાવો ઉકેલવામાં સફળતા મળી છે. આરોપી દિનેશ પિતાંબર અગાઉ મણિનગર, રામોલ, વટવા અને બાપુનગરમાં ચેઈન સ્નેચીંગના ગુનામાં પકડાયેલ છે તેમજ આરોપી શૈલેન્દ્ર ઉર્ફે શૈલુ માનસિંગ રાજપુત અગાઉ નરોડા, કાગડાપીઠ, વટવામાં મોબાઈલ ફોનની ચોરીમાં પકડાઈ ચુકેલ છે.

### આમ આદમી પાર્ટી દ્વારા આજથી સભ્ય નોંધણી ઝુંબેશ શરુ કરાઈ

ગાંધીનગર, તા.૧૧

આમ આદમી પાર્ટી દ્વારા આજથી સમગ્ર દેશમાં સભ્ય નોંધણી ઝુંબેશ શરુ કરવામાં આવી છે અને એક કરોડ સભ્ય બનાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

ગુજરાતમાં આજથી આમ આદમી પાર્ટી દ્વારા શરુ કરવામાં આવેલી સભ્ય નોંધણી ઝુંબેશ અંગેની વિગતો આપતાં આપના ગુજરાતના કન્વીનરે જણાવ્યું હતું કે આખા દેશમાં એક કરોડ સભ્યો બનાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જયારે ગુજરાતમાં અંદાજે ૧૨ થી ૧૫ લાખ સભ્યો બનાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

### પ્રચાર કરશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આદમી હોવાની ઈમેજ પ્રચાર દ્વારા ઉભી કરવાની વ્યુહરચના ભાજપ દ્વારા ઘડી કાઢવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આપની આમ આદમીની છબી સાથે આપની સફેદ ટોપીએ પણ યુવાનો અને અન્યો પર સારો એવો પ્રભાવ પાડ્યો છે અને લોકો ઉત્સાહ સાથે આપમાં જોડાઈને આમ આદમી હું ની ટોપી પહેરતાં થતાં ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષોની મુશ્કેલી વધવા પામી છે. આમ આદમીની સફેદ ટોપી સાથે ભાજપે પણ કેશરી ટોપીનું વિતરણ શરૂ કરી દીધુ છે. આજે જ ભાજપના એક કાર્યક્રમમાં કાર્યકરોને કેસરી ટોપીનું વિતરણ કરવામાં આવ્યું છે. આપ હવે ચૂંટણી પ્રચારમાં પણ આપની સફેદ ટોપી સામે ભાજપ કેસરી ટોપી ધારણ કરશે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ભાજપે નરેન્દ્ર મોદીની આપ આદમીની ઈમેજ ઉભી કરવા માટેની ચૂંટણી પ્રચારની વ્યૂહરચના ઘડી કાઢી છે. જેમાં ભાજપના નેતાઓ ચૂંટણી પ્રચારમાં નરેન્દ્ર મોદીની સાદગી સંદર્ભે લોકોને માહિતગાર કરીને નરેન્દ્ર મોદીને કેજરીવાલ કરતાં વધુ આમ આદમી હોવાની ઈમેજ ઉભી કરવા માટેની રણનીતિ ઘડી કાઢવામાં આવી હોવાનું જાણવા મળે છે.

## શબ્દાવલી - ૫૨૮૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | ૬ |
| ૭ | | ■ | ૮ | ૯ | | | |
| ૧૦ | | ૧૧ | ■ | | ■ | | ■ |
| ■ | ૧૪ | | ૧૩ | | ■ | ■ | ૧૪ |
| ૧૭ | ■ | ૧૬ | | ■ | ૧૭ | | |
| ૧૮ | ૧૯ | ■ | ■ | ૨૦ | | ■ | |
| ૨૧ | | ૨૨ | ■ | | ■ | ■ | |
| ■ | ૨૩ | | | ■ | ૨૪ | | |

### આડી ચાવી

૧. કંકુ રાખવાનું પાત્ર (૪)
૪. સફેદ, ધોળુ, પવિત્ર (૩)
૭. કાગડાને કહેવાય (૨)
૮. હનુમાનજી (૫)
૧૦. ઝગડાની પતાવટ કરનાર માણસ (૩)
૧૨. સહકાર, મદદ (૪)
૧૬. લાંબુ, વસ્ત્ર (૨)
૧૭. પડદો, આવરણ (૩)
૧૮. મુસ્કુરાહટ (૨)
૨૦. મડદાને સ્મશાન લઇ જતા માણસો (૨)
૨૧. ઝાપટ, લાફો (૩)
૨૩. પાઠ ભણાવવો, શિક્ષા (૩)
૨૪. હોંશિયાર, કુશળ (૩)

### ઊભી ચાવી

૧. હાડપિંજર (૩)
૨. શરાદમાં કાગડાને ... નંખાય (૪)
૩. સંપત્તિ, મિલ્કત (૨)
૪. સંપત્તિ, મિલ્કત (૨)
૫. પૃથ્વી, જમીન (૩)
૬. ખરાબ અસર, ટેવ (૨)
૯. વધારાની ખાસ પૂર્તિ (૩)
૧૧. વજુ બનાવવા પોતાના હાડકા આપનાર પ્રસિદ્ધ ઋષિ (૩)
૧૩. મિત્ર, દોસ્ત (૨)
૧૪. ફૅશન કરે તેવું, આધુનિક(૫)
૧૫. ઘાયલ, તરફડતું (૩)
૧૭. દૂર, છેટું (૨)
૧૯. શોધ, ખોળ (૩)
૨૦. મોં (ચીડમાં બોલાય) મુખ (૨)
૨૨. ન્હાવાનું પહોળું વાસણ(૨)

### શબ્દાવલી ૫૨૮૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) સબરસ (૪) સરસ (૭) ખેડ (૮) માતમ (૯) કરા (૧૦) કતાર (૧૩) તાકા (૧૪) બસેરા (૧૬) મગ (૧૯) જામ (૨૧) ગજા (૨૩) હીના (૨૫) ગજાનન (૨૭) લગન (૨૮) રગ

**ઊભી ચાવી :-** (૧) સરકસ (૨) રખે (૩) સડક (૪) સમારકામ (૫) રત (૬) સમધન (૧૧) તાતા (૧૨) પાસે (૧૫) રાજા (૧૭) ગગન (૧૮) શાહીલ (૨૦) મગર (૨૨) જાનકી (૨૪) નાગ (૨૬) જાગ

### દરબારમાં અફડાતફડી

● અનુસંધાન પહેલાનું ચાલુ

દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરબારમાં મુખ્યમંત્રી કેજરીવાલ અને તેમના કેબીનેટના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા પરંતુ સરકારના આ પ્રથમ દરબારમાં ભારે અફડાતફડી મચી ગઈ હતી. પોલીસના તમામ પ્રયાસો છતાં ઉપસ્થિત લોકોએ સમગ્ર વ્યવસ્થાને ધ્વંસ કરી દીધી હતી. સચિવાલયની બહાર એટલી મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા કે પોલીસ જવાનો અને આમ આદમી પાર્ટીના કાર્યકરો પણ સ્થિતિને કાબૂમાં લઈ શક્યા ન હતા. દરબારમાં પહોંચેલા કેટલાક લોકો વચ્ચે મારામારી પણ થઈ હતી. કેટલાક લોકો સરકારની સામે નારાજગી પ્રગટ કરતા પણ નજરે પડ્યા હતા. દરબારમાં મુખ્યમંત્રી કેજરીવાલ સમયસર પહોંચી ગયા હતા. દરબારમાં પહોંચેલા મોટી સંખ્યામાં લોકોને સમજાવવા માટે તેઓએ પ્રયાસ કર્યા હતા. પરંતુ ભીડ ઉપર અંકુશ ન રહેતા કેજરીવાલ આશરે અડધા કલાક બાદ દરબાર છોડીને જતા રહ્યા હતા. ત્યારબાદ મંત્રી મંડળના સભ્યો પણ એક એક કરીને બહાર નીકળી ગયા હતા. કોંગ્રેસ સરકારના મુખ્યમંત્રી અને તેમના પ્રધાનો પણ આવાસ ઉપર દરબાર યોજતા આવ્યા છે પરંતુ આ વખતે પ્રધાનોએ સચિવાલયની બહાર લોકોની સમસ્યા સાંભળવાનો નિર્ણય કર્યો હતો. સવારે ૯.૩૦થી ૧૧ વાગ્યા સુધી ચાલનાર આ જનતા દરબારને યોગ્ય રીતે ચલાવવા માટે ૧૦૦૦ પોલીસ જવાનો અને ૫ ડઝનથી વધુ પોલીસ અધિકારીઓ તૈનાત કરવામાં આવ્યા હતા. દરબારમાં લોકોને સાંભળવા માટે હેલ્પ ડેસ્ક બનાવવામાં આવી હતી પરંતુ ભારે ભીડના કારણે વ્યવસ્થા બગડી ગઈ હતી. સૌથી વધારે ભીડ કેજરીવાલ સામે લાગી હતી. કેજરીવાલને મળવા માટે લોકોની લાંબી લાઈનો અડધા કિલોમીટર સુધી લાગી હતી.

### લોકોને થથરાવ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાંજ પડતા જ ઠંડી વધવા માંડી હતી. ઠંડીનું જોર સાંજ પછી એકાએક જ વધતા માર્ગો અને બજારોમાં ભીડ ઓછી લાગતી હતી. શનિવારની રજા હોવા છતાં પતંગ, દોરી સહિતની ચીજવસ્તુઓની ખરીદી વસાહતીઓએ દિવસ દરમ્યાન જ આટોવી લીધી હતી. સાંજ પછી લોકોએ ઠેરઠેર તાપણાં સળગાવી ઠંડીને ઉડાડવાનો પ્રયાસ કર્યો હતો. આજે ભેજનું પ્રમાણ સવારે ૯૯ ટકા અને સાંજે ૪૩ ટકા રહ્યું હતું.

ટચૂકડી જાહેર ખબર

**બાટીક હાઉસ**

Collection of
Batik (Print) Clothes
ડ્રેસ, કુર્તી, ટોપ, લેગીન્સ, હેરમ, કેપ્રી, સ્કર્ટ, પર્સ, બાંધણી ડ્રેસ

**૧૦૦% કોટન**

પ્લોટ નં. ૪૭૧/૨,
સેક્ટર-૧૨/બી, ગાંધીનગર

**મો. : ૯૯૨૫૮ ૧૦૦૭૯**

**જાહેર નિવિદા નં.૧/૨૦૧૩-૧૪**

કાર્યપાલક ઈજનેરશ્રી (સી), સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ચ-૫ સર્કલ પાસે, નં.૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭ તરફથી અત્રેની કચેરીના કોમ્પ્યુટરો, લેપટોપ્સ અને પ્રિન્ટરોના વાર્ષિક મરામત કરાર કરવા માટે અનુભવી અને લાયકાત ધરાવતા ઈજારદારો પાસેથી ફક્ત રજીસ્ટર પોસ્ટ એ.ડી. દ્વારા સીલબંધ કવરમાં ભાવપત્રકો માંગવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂ. ૪૨૩૦૦/- (અંકે રૂપિયા બેતાલીસ હજાર ત્રણસો પૂરા) છે. કોરા ટેન્ડર ફોર્મ સંસ્થાના કામકાજના દિવસો દરમિયાન (જાહેર રજા સિવાય) તા. ૧૬/૧/૨૦૧૪ સુધી ઈસ્યુ કરવામાં આવશે અને ભરેલા સીલબંધ ટેન્ડર ફોર્મ તા. ૨૩/૧/૨૦૧૪ના રોજ આ કચેરીમાં ૧૬.૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે. ટેન્ડર મેળવવા માટે ટેન્ડર ફી રૂ. ૩૦૦/- તથા જરૂરી દસ્તાવેજો રજૂ કરવાના રહેશે. વધુ વિગતવાર જાહેર નિવિદા કચેરી નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે.

કાર્યપાલક ઈજનેર (સી)
માહિતી/૨૦૬૪/૧૩-૧૪ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર

**ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ**
બ્લોક નં. ૧૮/૪, ઉદ્યોગ ભવન, સે.૧૧, ગાંધીનગર.
ફોન/ફેક્સ નં. ૦૭૯-૨૩૨૪૯૦૧૭, ૨૩૨૪૯૦૧૮

**ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ વિસ્તારમાં રહેણાંક તથા વાણિજ્ય એકમો માટે ગટર કનેક્શન મેળવવા માટેની જાહેર વિજ્ઞપ્તિ**

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ હસ્તકની ટી.પી. સ્કીમ નં. ૯, ૬ (સર્ધન ડ્રેઈનની પૂર્વ બાજુનો વિસ્તાર) અને ૪ના વિસ્તારોમાં ગુડા દ્વારા ડ્રેનેજ લાઈનની કામગીરી પૂર્ણ થવામાં છે. જે અન્વયે આ વિસ્તારમાં સોસાયટી/ફ્લેટ/રોહાઉસ બંગલાઓ/ કોમર્શીયલ /વ્યક્તિઓ દ્વારા ડ્રેનેજ કનેક્શનો મેળવવા માટે જરૂરી આધાર પુરાવા સહિત સત્તામંડળની કચેરી ખાતે નિયત કરેલ ફોર્મમાં અરજી કરવાની રહેશે. ગુડા દ્વારા નક્કી કરવામાં આવેલ નિયમ મુજબના ચાર્જીસ લઈ ડ્રેઈનેજ કનેક્શન આપવામાં આવશે.
ડ્રેનેજ કનેક્શન મેળવવાના ફોર્મ રૂ. ૨૫/-ની કિંમતે ગુડા કચેરી ખાતેથી તા. ૧૬/૧/૨૦૧૪થી સમય ૧૧-૦૦ થી ૨-૦૦ કલાક (જાહેર રજાના દિવસો સિવાય) સુધી મલશે. જેથી ડ્રેઈનેજ કનેક્શન લેવા ઈચ્છતા લોકોએ નિયત નમુનામાં સાધનિક કાગળો સહ અરજી કરવા વિનંતી છે.

સ્થળ : ગાંધીનગર — કાર્યપાલક ઈજનેર
તારીખ : ૧૦/૧/૨૦૧૪ — ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ, ગાંધીનગર
Website : www.guda.gujarat.gov.in — માહિતી/૨૦૭૫/૧૩-૧૪

**જાહેર નિવિદા નં.-૫ સને ૨૦૧૩-૨૦૧૪**

**(ફક્ત વિદ્યુત ઈજારદારશ્રીઓ માટે)**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૩, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંદીનગર દ્વારા વીજળીકરણને લગતા ૧૪ કામોની અંદાજીત કિંમત રૂ. ૧૬,૦૦૦/- થી રૂ. ૨,૫૩,૧૬૬.૭૫ છે. યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ વિદ્યુત ઠેકેદારશ્રીઓ પાસેથી ટેન્ડર માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૧૭/૧/૨૦૧૪ છે અને પરત મેળવવાની છેલ્લી તા. ૨૪/૧/૨૦૧૪ છે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે. **માહિતી/૨૦૬૮/૧૩-૧૪**